ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૪૨૭૭-૪૩૧૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૧/૧૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલિમ પરીક્ષાની તારીખમાં ફેરફાર બાબત.
સંદર્ભ:-તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક:૦૪૯/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ નું શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જેમાં જણાવ્યા મુજબ ધોરણ-૯ થી ૧૨ ની પ્રિલીમ / દ્વિતીય પરીક્ષા તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૮/૦૧/૨૦૨૫ દરમ્યાન લેવામાં આવનાર હતી, પરંતુ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા અત્રેની કચેરીને મળેલ રજૂઆત મુજબ National Testing Agency (NTA) ની તા.૨૮/૧૦/૨૦૨૪ ની જાહેર નિવિદામાં જણાવ્યા મુજબ JEE-MAIN ની પરીક્ષા તા.૨૨/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૫ દરમ્યાન યોજાનાર હોવાથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે વિનંતી કરેલ હતી.

ઉક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રિલિમ / દ્વિતીય પરીક્ષા અને JEE-MAIN ની પ્રથમ તબક્કાની પરીક્ષાઓની તારીખ પરસ્પર એકસરખી હોવાથી સંદર્ભ દર્શિત કારોબારી સમિતિના ઠરાવ અન્વયે કરવામાં આવેલ નિર્ણય મુજબ "**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા તા.૧૬/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૧/૨૦૨૫ દરમ્યાન લેવાની રહેશે. અન્ય ધોરણની પ્રિલીમ / દ્વિતીય પરીક્ષા બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં જણાવ્યા મુજબ તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૮/૦૧/૨૦૨૫ દરમ્યાન યોજવાનું યથાવત રાખવામાં આવેલ છે.**" આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત વિગતે અમલ કરવા સારું આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) ("ક" વિજ્ઞાન પ્રવાહ, "ક-૧" સામાન્ય પ્રવાહ, "SSC" (માધ્યમિક), પરીક્ષા શાખાઓને જાણ સારું.)
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ને જાણ સારું.
- પ્રમુખશ્રી, અમદાવાદ શહેર આચાર્ય સંઘ ને જાણ સારું.